રાજ્યમાં લોકડાઉન નહીં લાગે, રસીકરણ વધારીશું : મુખ્યમંત્રી

દરરોજ ૬૦ હજાર લોકોના ટેસ્ટિંગનો નિર્ધાર કરવામાં આવ્યો છે : ચૂંટણીના તાયફા કર્યા ત્યારે ન લાગ્યું કે કોરોના વકર્યો છે હવે મુખ્યમંત્રી કહે છે કેસોમાં મોટો ઘટાડો થતા લોકો બેફિકર થયા હતા જેના કારણે હવે કેસ વધ્યા

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં છેલ્લા ૧૫ દિવસથી કોરોનાના કેસો સતત અને ઝડપથી વધી રહ્યા છે, ત્યારે રાજ્યમાં લોકડાઉન આવશે કેમ તે અંગે સીએમ રુપાણી દ્વારા મહત્વનું નિવેદન આપવામાં આવ્યું છે. આજે ગાંધીનગરમાં પ્રેસ કોન્ફરન્સમાં રુપાણીએ જણાવ્યું હતું કે રાજ્યમાં લોકડાઉન નહીં આવે. હોળીની ઉજવણી થવા દેવી કે કેમ તે અંગે પણ સરકાર ઝડપથી નિર્ણય લેશે તેમ તેમણે જણાવ્યું હતું.

રુપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૨૦માં ગુજરાતે કોરોના સામે મોટો જંગ ખેલ્યો હતો. જોકે, ફેબ્રુઆરીમાં સમગ્ર દેશની સાથે રાજ્યમાં પણ કેસોમાં મોટો ઘટાડો થતાં લોકો એક પ્રકારે બેફિકર થઈ ગયા હતા અને કોરોનાને હળવાશથી લેવા લાગ્યા હતા. જેના કારણે નિયમોનું ચૂસ્તતાથી પાલન નહોતું થયું. જેના કારણે એક સમયે રાજ્યમાં રોજના કેસો ૩૦૦થી નીચે જતાં રહ્યાં હતાં તે હવે ૧૧૫૦ની આસપાસ આવી ગયા છે.

રસીકરણ અંગે તેમણે જણાવ્યું કે, દૈનિક ૩ લાખ લોકોનું રસીકરણ થાય તેવી સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત દરરોજ ૭ હજાર ટેસ્ટ કરવાનો લક્ષ્યાંક મુકવામાં આવ્યો છે. કોરોના દર્દીઓનું ટ્રેસિંગ અને ટેસ્ટિંગ કરાશે. દરરોજ ૬૦ હજાર લોકોના ટેસ્ટિંગનો નિર્ધાર કરવામાં આવ્યો છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ સક્રિય રીતે કરાશે તેમ તેમણે જણાવ્યું હતું. સાથે જ તેમણે લોકોના સોશિયલ ડિસ્ટેંસ જાળવવાની અપીલ પણ કરી છે.

રુપાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે ફરી કોરોના હોસ્પિટલોને કાર્યરત કરવાની તૈયારી કરી છે. આ ઉપરાંત, કોરોનાનો જેને ચેપ લાગ્યો છે તેમના સંપર્કમાં આવેલા લોકોને શોધવાની સઘન કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્યમાં ટેસ્ટિંગની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. સીએમે જણાવ્યું હતું કે, કોરોનાની ટ્રીટમેન્ટ માટે અગાઉ સરકારી અને ખાનગી હોસ્પિટલમાં અગાઉ જે વ્યવસ્થા હતી તે જ ફરી ઉભી કરાઈ રહી છે. કેસના વધારાના પ્રમાણમાં છ ગણા બેડની વ્યવસ્થા કરી દેવાઈ છે, જેથી બેડની શોર્ટેજ ના સર્જાય.

ચાર મહાનગરોમાં નાઈટ કરફ્યુનું ચૂસ્ત પાલન કરવામાં આવશે તેમ કહેતા રુપાણીએ જણાવ્યું હતું કે માસ્કનો નિયમ પણ કડકાઈથી અમલી કરાવવામાં આવશે, અને કોઈપણ જગ્યાએ ભીડ ભેગી ના થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. લોકડાઉન અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું હતું કે, ભૂતકાળમાં આપણે આ સ્થિતિનો સામનો કરી ચૂક્યા છીએ અને તે વખતે પણ લોકડાઉન નહોતું કરવામાં આવ્યું, જેથી હાલ લોકડાઉનનો ભય રાખવાની જરુર નથી.

જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કોરોનાના ૮૧૦૬ કેસ નોંધાયા : નીતિનભાઈ

૨૦૨૦માં ચિકનગુનિયાના ૧૦૩, મેલેરિયાના ૧૧૨, ટાઈફોઈડના ૧૧૭ કેસ નોંધાયા છે : ૨૦૨૦માં કોરોનાથી ૧૦૫ના મોત થયા છે : ૯૮ ઔદ્યોગિક એકમો પાસેથી રૂ. ૨૪૫૯.૮૧ લાખ વીજબિલની વસુલાત બાકી છે

ગાંધીનગર, તા. ૧૮

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં નાણાં, આરોગ્ય, માર્ગ-મકાન, નર્મદા, પાટનગર યોજના અને સામાજિક ન્યાય અધિકારિતા વિભાગની પ્રશ્નોત્તરી હતી.

● **હરિશચંદ્ર મરણોત્તર સહાય**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ઈડરના હિતુ કનોડિયા સહિતના સભ્યોએ ગાંધીનગર જિલ્લામાં હરિશચંદ્ર મરણોત્તર સહાય અંગેના પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સમાજ કલ્યાણ મંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૬૭ અરજીઓ તંત્રને મળી હતી. આ પૈકી ૨૬૬ અરજીઓ મંજૂર કરવામાં આવી છે.



વિધાનસભામાં ગાંધીનગર
- પ્રકાશ જહા

મંત્રીએ સભ્યોના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે આ યોજના અંતર્ગત રૂ. ૧૩,૩૦,૦૦૦ની સહાય ચુકવી આપવામાં આવી છે.

● **એમ.બી.બી.એસ. ડોક્ટરની નિમણુંક**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં એમ.બી.બી.એસ. ડૉક્ટરોની નિમણુંક અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે ૨૦૧૯ અને ૨૦૨૦ માં એક-એક ડૉક્ટરની નિમણુંક કરવામાં આવી છે. આ બન્ને તબીબો ફરજ પર હાજર થયેલ છે.

બન્ને ડૉક્ટરો હાજર થયા હોવાથી બોન્ડની વસુલાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

● **જિલ્લામાં રોગચાળાના કેસો**

દિયોદરના ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાએ ગાંધીનગર જિલ્લામાં ચિકનગુનિયા, મેલેરિયા, ડેન્ગ્યુ, ઝેરી મેલેરિયા, ટાઈફોઈડ અને કોરોનાના નોંધાયેલા કેસો ૩૧-૧૨-૨૦ની સ્થિતિ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે ૨૦૧૯માં ચિકનગુનિયાના ૨૬, મેલેરિયાના ૨૮૭, ડેન્ગ્યુના ૧૪૧૨, ઝેરી મેલેરિયાના ૯, ટાઈફોઈડના ૫૦૯ કેસ નોંધાયા હતા.

૨૦૨૦ના વર્ષમાં ચિકનગુનિયાના ૧૦૩, મેલેરિયાના ૧૧૨, ડેન્ગ્યુના ૪૭, ઝેરી મેલેરિયાના ૧૫, ટાઈફોઈડના ૧૧૭ અને કોરોનાના ૮૧૦૬ કેસો ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ નોંધાયા હતા.

જિલ્લામાં ૨૦૨૦માં કોરોનાને કારણે ૧૦૫ વ્યક્તીના મોત થયા છે.

● **ઔદ્યોગિક એકમો પાસે બાકી વીજબિલ**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લાના ઔદ્યોગિક એકમો પાસેથી વીજબીલ વસુલાત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૯૮ ઔદ્યોગિક એકમો પાસે રૂ. ૨૪૫૯.૮૧ લાખની વસુલાત બાકી છે.

ઊર્જામંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૮૩ ગ્રાહકો પાસેથી રૂ. ૨૦૧૭.૬૯ લાખની વસુલાત ૩૧-૧૨-૨૦ પછી કરવામાં આવેલ છે.

૧૦ ગ્રાહકોના વીજ જોડાણ કાયમી ધોરણે કાપી નાખવામાં આવે છે અને તેની વસુલાતની કુલ રકમ રૂ. ૬૮.૯૩ લાખ માટે દાવા દાખલ કરવામાં આવે છે.

૧ ગ્રાહકના રૂ. ૧.૧૪ લાખની વસુલાત કરવા માટે પ્રી. લીટીગેશન લોક અદાલત મારફત વસુલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૨ ગ્રાહકોએ તેમને આપવામાં આવેલ રૂ. ૧૮.૩૨ લાખના બીલ સામે સક્ષમ સત્તાધિકારી સમક્ષ વાંધા ઉપસ્થિત કરેલ હોઈ સત્તાધિકારીના આખરી નિર્ણય મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યુ છે.

જ્યારે ૨ વીજગ્રાહકોની બાકી રકમ રૂ. ૩૫૩.૭૩ લાખની વસુલાત માટે તેમના વીજ જોડાણ કાપવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

● **જોબનંબર ફાળવવા બાબત**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર-ભાવનગર જિલ્લામાં કેટલા રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવ્યા તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૫૬૦ રોડના નવીન જોબનંબર ફાળવવામાં આવેલ છે. તે પૈકી ૯૦ રોડના કામ પૂર્ણ થયા છે. બાકીના ૪૭૦ કામો પ્રી. કન્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટીય પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ હાથ ધરવામાં આવશે.

આજથી રાત્રિ કફર્યુ ૯ થી ૬ સિનેમા ઘરો, બાગ-બગીચા બંધ

કોરોનાના સંક્રમણને લઇને તંત્ર એલર્ટ : શનિ-રવિ મોલ બંધ રહેશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં સતત વધી રહેલા કોરોનાના સંક્રમણને લઈને તંત્ર એલર્ટ થઈ ગયું છે. સાવચેતીના ભાગરૂપે તંત્ર દ્વારા એએમટીએસ તથા બીઆરટીએસ તથા બાગબગીચા બંધ કરવામાં આવ્યા હતા અને રાત્રિ કરર્ફ્યું જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારે આજે રાજ્યમાં કોરોના કેસ ૧૨૦૦ પાર પહોંચી જતાં સતર્કતાના ભાગરૂપે તંત્ર દ્વારા પગલાં ભરવામાં આવ્યા છે. આજે અમદાવાદ મનપા દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં શનિ-રવિ મોલ અને સિનેમા ગૃહો બંધ રાખવામાં આવશે. તેમજ આવતીકાલથી રાત્રિ કરર્ફ્યુંના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા સમય મુજબ આવતીકાલથી રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કરર્ફ્યું રહેશે. આ અંગે હાલની પરિસ્થિતિની સમીક્ષા કરવા રાજયના અધિક મુખ્ય સચિવ રાજીવ કુમાર ગુપ્તા આઈ.એ.એસ.ના અધ્યક્ષ સ્થાને, મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમાર આઈ.એ.એસ., જુદા જુદા ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરો તેમજ અન્ય અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડેઝિગ્નેટ કરાયેલ ખાનગી કોવિડ-૧૯ હોસ્પિટલોની સંખ્યા, પથારીઓની ઉપલબ્ધતા, મેડીકલ તથા પેરામેડીકલ સ્ટાફની સ્થિતિ, ટેસ્ટીંગ માટેની સુવિધા, અન્ય દવાઓની ઉપલબ્ધતા તથા રસીકરણ વગેરેને ધ્યાને લઈ ચર્ચા કરવામાં આવી.

કોરોનાના વધતા જતા કેસનો પગલે ગુજરાતભરના વાલીઓ ચિંતાતુર બન્યા હતા. શૈક્ષણિક કાર્ય બંધ કરવાની માંગ ઉઠી હતી. ત્યારે આજે શિક્ષણ વિભાગની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં આગામી ૧૦ એપ્રિલ સુધી ગુજરાતના ૮ મહાનગરોમાં ઓફલાઈન શૈક્ષણિક કાર્ય બંધ કરાયુ છે. અહી ૧૦ એપ્રિલ સુધી ઓનલાઈન શિક્ષણ કરવામાં આવ્યું છે. તો આ સાથે જ આ ૮ મહાનગરોમાં પરીક્ષાઓ પણ ઓનલાઈન લેવાશે. પરંતુ ૮ મહાનગરો સિવાયના વિસ્તારોમાં શૈક્ષણિક કાર્ય વિકલ્પની સાથે ઓફલાઈન ચાલુ રાખવામા આવ્યુ છે. તેમજ મહાનગર સિવાયના વિસ્તારોમાં પરીક્ષાઓ ઓફલાઈન લઈ શકાશે. આ સાથે જ ગુજરાત યુનિવર્સિટીએ પરીક્ષાઓ મોકૂફ કરી છે અને નવો કાર્યક્રમ આગામી સમયમાં જાહેર કરાશે.

કોરોનાનો કહેર વધતો જાય છે પરંતુ હવે જાણે તેનો ડર રહ્યો નથી. લોકો એકદમ બિન્દાસ્ત બની બહાર નીકળે છે. શહેરની ખાણીપીણીની બજારમાં ઉમટેલી ભીડને જાણે કોરોનાનો કોઈ ડર જ નથી. સાંજ પડતાં જ અહીં વસાહતીઓની ભીડ ઉમટી પડે છે.

ખૂણેખાંચરેથી

- નાયબ જિલ્લા વિકાસ અધિકારી જીતેન્દ્ર વદરનો આજે જન્મદિવસ હતો. તેમણે ખૂબ સાદગીથી તેની ઉજવણી કરી હતી.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૩૧૦૨ લોકોનું કોવિડ વેક્સીનેશન કરવામાં આવ્યું છે.
- દહેગામ પોલીસના એક કર્મયોગી પણ કોરોના પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસ વધતાં શહેરમાં ટ્રાફિકનું ભારણ પણ ઘટ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીની કચેરી બહાર મુકાયેલુ સેનીટાઈઝર મશીન બે દિવસથી ગાયબ થયુ છે અને ત્યાં જ સૌથી વધુ મુલાકાતીઓ હોય છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પુનઃ બજેટની કામગીરીને લઈ બેઠકોનો સિલસિલો શરૂ થયો છે.
- ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ વધતા શેરડીના કોલા ઉપર ઘરાકી વધવા લાગી છે.

ડમ્પીંગ સાઈટનું સ્થળ બદલવાની માંગ સાથે પેથાપુર નાગરિક હિત રક્ષક સમિતિ રચાશે

ગાંધીનગર, તા. ૧૮

પેથાપુર નજીક ડમ્પીંગ સાઈટ બનાવવાના નિર્ણય સામે ઉગ્ર લડત આપવા આગામી ૨૧મી માર્ચના રોજ પેથાપુર નગરજનોની એક બેઠક બોલાવવામાં આવી છે.

આ બેઠકમાં પેથાપુર નાગરિક હિત રક્ષક સમિતિની રચના કરવામાં આવશે અને આંદોલનના આગામી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

પેથાપુર બસ સ્ટેન્ડ પાસે સાંજે ૭.૩૦ કલાકે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે એક ચોપાનિયુ ફરતુ થઈ ગયુ છે.

પેથાપુરમાં ડમ્પીંગ સાઈટનું કામ સ્થગિત કરવા અંગે અગાઉ મેયરે આંદેશો આપ્યા હતા, પણ નગરજનોએ સ્થગિત નહિ પરંતુ ડમ્પીંગ સાઈટનું સ્થળ જ બદલવામાં આવે તે માંગ સાથે આ આંદોલન ચાલુ રાખ્યુ છે.

ગાંધીનગરની લેન્ડફિલ્ડ સાઈટનો વિવાદ છેલ્લા કેટલાય વર્ષોથી સતત ચાલી રહ્યો છે અને તેનો ઉકેલ આવતો નહિ હોવાથી હવે તંત્ર માટે પણ આ મુદ્દો ચિંતાનો મુદ્દો બન્યો છે.

ઈલેક્ટ્રોથર્મના દારૂ પ્રકરણમાં ત્રણ આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૧૮

કલોલના પાલોડીયા ગામે સ્થિત ઈલેક્ટ્રોથર્મ કંપનીના પાર્કીંગ કમ વુડન પેકીંગ એરીયામાં પડી રહેલી આઈશર ટ્રકમાંથી વિદેશી દારૂની ૮૯૮ બોટલ મળી આવી હતી. જીએસટી રેઈડ દરમિયાન ૨૫૦ થી વધુ વિદેશી બ્રાન્ડનો રૂ.૩૩ લાખથી વધુનો દારૂ ઝડપાયો હતો. આ દારૂ કેસમાં સાંતેજ પોલીસે કપંનીના માલિક શૈલેષ ભંડારી સામે ગુનો નોંધાયો હતો. આ કેસની તપાસ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ વી.કે.રાઠોડ ચલાવી રહ્યા હતા. તપાસમાં કંપીનીના કર્મચારીઓના નિવેદનો અને ટેકનીકલ મોબાઈલ સીડીઆરનો અભ્યાસ કરતા ત્રણ આરોપીની સંડોવણી બહાર આવી હતી. જેતી પોલીસે અમદાવાદ વટવા ખાતે રહેતા સેમ્યુઅલ ઉર્ફે રાજુ બેન્જામીન ક્રિસ્ટીન (ઉં.૫૦) મનિષ ચંદ્રકાંત પરમાર (ઉં.૪૧ રહે ચાંદલોડીયા) તેમજ કંપનીમાં રહેતા બિભુતી ઉર્ફે મખ્ખન ચિતરંજન ખટુઆ (ઉં.૩૮ મુળ રહે પશ્ચિમ બંગાળ)ને પકડી પાડ્યા હતા. શૈલેશ ભંડારીએ કંપનીના ગેસ્ટ હાઉસ વ્રજગોપી બંગલા નં.૮ માં દારૂ રાખ્યો હતો. પંરતુ જીએસટીની રેઈડ અંગે જાણ થતા દારૂ સગેવગે કરવા માટે ટ્રકમાં ભરાવ્યો હતો.

આજથી ગાંધીનગરની શાળા-કૉલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ

આગામી તા ૧૦ એપ્રિલ સુધી પ્રત્યક્ષ શિક્ષણ બંધ રહેશે : કોરોનાના વધતા સંક્રમણને અનુલક્ષી સરકારે નિર્ણય લીધો : આઠ મહાનગર સિવાયના વિસ્તારમાં સ્વૈચ્છિક રીતે શાળાએ આવતા વિદ્યાર્થીઓનુ પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય ચાલુ રહેશે : શિક્ષણમંત્રી

કોરોનાના વધતા સંક્રમણને અનુલક્ષીને સરકારે રાજયના વિવિધ આઠ મહાનગરોમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય બંધ કરવાનો નિર્ણય કર્યો છે. તા ૧૯ માર્ચથી આગામી તા ૧૦ એપ્રિલ સુધી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરી દેવાશે ગાંધીનગરમાં પણ કોરોનાની મહામારીના લીધે શાળાઓમાં લાંબા સમય સુધી શિક્ષણ કાર્ય બંધ રહ્યુ હતુ જયારે માંડ શાળાઓમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો થયો હતો ત્યાં સંક્રમણ વધતા ફરી એકવાર શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરવાની ફરજ પડી છે.

કોરોનાનુ સંક્રમણ ફરી વકરતા સરકારે ફરી કડક નિતી નિયમો લાગુ કરવાની શરૂઆત કરી દીધી છે. કોરોનાની મહામારીને અનુલક્ષી છેલ્લા એક વર્ષથી શિક્ષણ કાર્ય બંધ છે. અલબત્ત ઓફલાઈન શિક્ષણ પણ ઘણાં સમયથી બંધ હતી શાળા કોલેજોમાં વિદ્યાર્થીઓ જતા ન હતા જયારે અત્યાર સુધી આમ તો ઓનલાઈન શિક્ષણના સહારે જ શિક્ષણ કાર્ય ચાલતુ હતુ. પરંતુ થોડા સમય અગાઉ કોરાનાનુ સંક્રમણ કાબુમાં આવતા શિક્ષણ વિભાગે તબક્કવાર શાળાઓ શરૂ કરવા નિર્ણય લીધો હતો. જો કે વાલીઓના સંમતિપત્રથી વિદ્યાર્થીઓન શાળામાં પ્રવેશ આપવાના નિર્ણય સાથે શાળાઓ શરૂ કરવામાં આવી હતી.પરંતુ છેલ્લા કેટલાક દિવસથી રાજયમાં કોરાનાનુ સંક્રમણ વધી ગયુ છે. જેના લીધે શાળાઓ બંધ કરવાની ફરજ પડી છે. રાજયના આઠ મહાનગરોમાં પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા ૧૯ માર્ચથી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરાયુ છે. ગાંધીનગરમાં પણ શાળાઓમાં લાંબા સમય બાદ વિદ્યાર્થીઓની અવરજવર શરૂ થઈ હતી. પરંતુ શહેર જિલ્લામાં દિનપ્રતિદિન કોરોના કેસ વધી રહ્યા છે. જેને અનુલક્ષી હવે તા ૧૦ એપ્રિલ સુધી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ રાખવામાં આવશે. આગામી તા ૧૦ એપ્રિલ સુધી શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ કાર્ય બંધ રહેશે. જયારે ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલુ રહેશે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાંના જણાંવ્યા મુજબ કોરોનાની સ્થિતિને ધ્યાનમાં રાખી અમદાવાદ, રાજકોટ ,વડોદરા, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગરની તમામ શાળાઓમાં તા ૧૯ માર્ચથી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવશે. જયારે આઠ મહાનગરપાલિક સિવાયના અન્ય વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સ્વૈચ્છિક રીતે જે વિદ્યાર્થીઓ આવશે તેમના માટે પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય ચાલુ રહેશે. જયારે આગામી તા ૧૦ એપ્રિલ સુધી સ્નાતક અનુસ્નાતક ગ્રેજયુએટ કક્ષાની ઓફલાઈન પરીક્ષાઓ પણ મોકુફ રાખવામાં આવી છે. કોરોનાના સંક્રમણને અનુલક્ષી રાજયના મહાનગરોમાં માર્ચ મહીનામાં શાળાઓ અને યુનિવર્સિટીની પરીક્ષાઓ પણ બાદમાં લેવાનો નિર્ણય કરાયો છે. જો કે ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા હજુ યથાવત રાખવામાં આવી છે.

એલઆઈસી ડિવિઝનલ કચેરીના કર્મચારીઓએ હડતાળ પાડી સૂત્રોચ્ચાર કર્યા

ગાંધીનગરમાં આજે એલઆઈસીની સેક્ટર-૧૧ ખાતેની ડિવિઝનલ કચેરીના સ્ટાફે દેશવ્યાપી હડતાળને સમર્થન આપતી હડતાળ પાડી હતી. એલઆઈસી એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા આજે કેન્દ્ર સરકારના વીમા ક્ષેત્રે ખાનગીરણ, વિદેશી સીધા રોકાણોનો હિસ્સો વધારવાના તથા આઈપીઓ જેવા મુદ્દે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શહેરમાં એલઆઈસીની અન્ય શાખાઓ ખાતે પણ કર્મચારીઓએ હડતાળ પાડી દેખાવો યોજયા હતા.

કેન્દ્રિય નાણાં મંત્રી નિર્મલા સીતારામણ દ્વારા વીમા ક્ષેત્રે પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણની મર્યાદા ૪૯ ટકાથી વધારીને ૭૪ ટકા સુધી કરવાની અને એલઆઈસી એકટ ૧૯૫૬માં સુધારો કરી એલઆઈસીનો આઈપીઓ લાવવાના નિર્ણયોની એલઆઈસી કર્મચારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આજે દેશ વ્યાપી વીમા ક્ષેત્રની હડતાળમાં ગાંધીનગર એલઆઈસી ડિવિઝનલ કચેરીના વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના કર્મચારીઓ એક દિવસની

પ્રતિકાત્મક હડતાળમાં જોડાયા હતા.

બીજો પ્રયત્ન
ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ : ૨૦૨૦-૨૦૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે વિવિધ વિસ્તારમાં Debelopment of feeding area of mothers and play area for children in pediatric department in civil hospital, Gandhinagar by GMC કામગીરી માટેનું ટેન્ડર એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં મંગાવવામાં આવે છે.

ટે.નં.	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
નં. ૨૦૨૦/૨૧	Debelopment of feeding area of mothers and play area for children in pediatric department in civil hospital, Gandhinagar by GMC	રૂ. ૯૦૦/-	રૂ. ૯,૭૮૪/-

ટેન્ડર ફોર્મ તા. ૨૦/૩/૨૦૨૧ થી તા. ૫/૪/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.
ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.comપર મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથી ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફટ નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરના નામે તા. ૧૨/૪/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળે હશે તે જ ખોલવામાં આવશે.
ઓનલાઈન ટેકનીકલ ઓફર ઓપનીંગ તા. ૧૨/૪/૨૦૨૧ના રોજ ૧૭:૩૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
તા. — મ્યુનિસિપલ કમિશનર
માહિતી/૨૧૭૩/૨૦-૨૧ — ગાંધીનગર

ગુજરાતમાં ફરી કોરોના બેકાબૂ : ૧૨૭૬ કેસ

ત્રણના મોત : અત્યાર સુધીમાં કુલ ૨૭૨૩૩૨ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૦૪ નવા કેસ

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૨૭૬ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૮૯૯દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે અમદાવાદમાં ૨ અને સુરતમાં ૧ એમ કુલ ત્રણ વ્યક્તિના મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૮૨,૪૪૯ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૭૨,૩૩૨ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૩૩ પર પહોંચ્યો છે.

રાજ્યમાં તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ રસીકરણ દ્વારા વધુમાં વધુ લાભાર્થીઓને સમય-મર્યાદામાં આવરી લેવાય તે હેતુસર તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ વેક્સીનેશન માટે ગાઈડ લાઈન મુજબ વધુમાં વધુ સેશનનું આયોજન કરવામાં આવશે. કોવિડ વેક્સીનેશન સેન્ટર ખાતે રાત્રિના ૯.૩૦ વાગ્યા સુધી કોવિડ રસીકરણ કરવામાં આવશે.

અત્યાર સુધીમાં કુલ ૨૪,૧૩,૩૫૦ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫,૬૭,૬૭૧ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૩૭,૦૫૦ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં કોવિડ-૧૯ ના ૧૨૭૬ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૮૯૯ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૬.૪૨ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૭૧,૪૩૩ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૫,૩૧૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૧ છે. જ્યારે ૫,૨૪૯ લોકો સ્ટેબલ છે.